

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

સોનાં ને ચાંદીના ભાવ વધે છે કૂદકે-ભૂસકે -
પેટ્રોલ-ડિઝલે, પ્રસરે આગ કૂદકે-ફસકે
ફેલાય છે રાજકીય અનીતિ - કૂદકે-ભૂસકે...
ને યમરાજનો પાડો દોડે છે કૂદકે-ભૂસકે...

### હાઈકુ

ખાતાંનું નામ -
જ બદલી નાખો - ને !!
લ્યો ! નવી નીતિ...

કરો સંટીંગ
ડબ્બાનું અહીં-તહીં
ને થાય મેટ્રો...

### ચિંતન

**પરૈઃ પ્રોક્તા ગુણા યસ્ય નિર્ગુણોડપિ ગુણી ભવેત ।**
**ઈન્દ્રોડપિ લઘુતાં યાતિ સ્વયં પ્રખ્યાતિતૈર્ગુણૈઃ ॥**

ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્નાવલીમાંથી લેવામાં આવેલએ છે.

જે માણસના ગુણોના ગુણો બીજાથી ગવાય છે, તે માણસ ગુણ વિનાનો હોય, તો પણ ગુણિયલ બને છે, પરંતુ જો પોતે જ પોતાના ગુણોની પ્રશંસા કરવા માંડે તો ઈન્દ્ર પણ હલકો બને છે.

માણસે સદ્‌ગુણો સાથે મૌન રહી સત્કૃત્યો કરતા રહેવા જોઈએ. ઓછું કરીને વધારે બોલનારા 'લપોડશંખ' કહેવાય. જાતે ને જાતે પોતાના સ્વભાવ - સદ્‌ગુણો - કાર્યોના વખાણ ન કરવા જોઈએ. જો આપણામાં સદ્‌ગુણ અને સત્કાર્યો હશે તો દુનિયા - સમાજ જાતે જ વખાણ કરશે. આપણને બોલવું નહીં પડે...

### સુવિચાર

- દુઃખ એટલે જીવનને સમજવાની ક્ષમતા ન હોવી તે.
  વ્યક્તિ અને અસ્તિત્વના વચ્ચેનો સંઘર્ષ એટલે દુઃખ - **રાજુ અંધારિયા**
- સુખ એટલે વ્યક્તિ અને અસ્તિત્વ વચ્ચેની એકરૂપતા કોઈ સંઘર્ષ નહીં - **એસ. ભટ્ટાચાર્ય**
- કમળના પત્ર જેવું મુખ, ચંદન જેવી શીતળ વાણી અને ક્રોધથી ભરેલું હૃદય :
  ધુતારાનાં આ ત્રણ લક્ષણ છે - **સંસ્કૃત સુભાષિત**
- જેને ક્રોધ આવ્યો એને બોધ રહેતો નથી અને જેને બોધ આવ્યો એને ક્રોધ રહેતો નથી - **મોરારિ બાપુ**
- મારી જાતને મારા સિવાય બીજા કોઈએ કશું જ નુકશાન કર્યું નથી - **નેપોલિયન**
- જે માણસ બીજાનું જ કલ્યાણ વિચારતો હોય તેની કદી જ
  દુર્ગતિ થવા નહીં દઉં - **ગીતાજીમાં શ્રીકૃષ્ણનું અભય વચન**
- આજનું ઔષધ : અંદર જવને તવી પર શેકી, તેને બારીક વાટી પા તોલો દિવસમાં બે વાર લેવાથી મરડો મટે છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

રાજા ખુશામતખોરોથી જેટલો દૂર રહે એટલો વધુ સફળ થાય. રાજાના દરબારમાં બે દરબારી એવા હતા કે રાજાની પ્રશંસાના પુલ બાંધી હોદ્દા અને ધન મેળવવાની લાલચ રાખતા. એક દિવસ એક દરબારીએ રાજાની ચાપલૂસી કરવા કહ્યું, 'આપની કીર્તિ સમગ્ર સંસારમાં ફેલાઈ ચૂકી છે. તમે ધરતી પરના સાક્ષાત ઈશ્વર છો, તમારો આદેશ તો સમુદ્ર પણ ટાળી શકે તેમ નથી.' દરબારીની ખુશામતની વાત રાજાના ગુરુજી પાસે પહોંચી. ગુરુજીને ચિંતા થઈ તેમને રાજાને સાવધાન કરતાં કહ્યું, 'આ ખુશામતિયા દરબારીઓથી બચીને રહો. તમને ઈશ્વર ગણાવીને તેઓ તમારો અહંકાર વધારી રહ્યા છે. તે આપણા રાજય માટે પણ ચેતવણી ગણશો.' રાજાને વિષયની ગંભીરતા સમજાઈ. બીજે દિવસે એ બંને દરબારીઓને લઈને રાજા સમુદ્ર કિનારે ટહેલવા નીકળ્યા. રાજાએ બંને દરબારીઓને આદેસ આપતા કહ્યું, 'હું સર્વશક્તિમાન ઈશ્વરના નાતે કહું છું કે સમુદ્રની લહેરોમાં કુદી જાવ. જો તમે ડૂબવા લાગશો તો હું સમુદ્રને આદેસ આપીશ એટલે તે તમને બેવને કિનારા પર જીવતા મૂકી જશે.' રાજાનો આદેશ સાંભળતા જ બંને દરબારીઓને પરસેવો વળી ગયો. રાજાએ કહ્યું, 'તમારા જેવા ચાપલૂસોની ચાલ હું સારી રીતે જાણું છું. મારી ખુશામત કરી તમે લાભ ઊઠાવવા માંગો છો? હવે મારા દરબારમાં દેખાશો નહીં. નહી તો આખું જીવન જેલમાં વિતાવવું પડશે.' આ વાત આખા રાજયમાં ફેલાઈ ગઈ. પરિણામે રાજાને ચાપલૂસી કરવાવાળાથી મુક્તિ મળી ગઈ અને રાજયના વહિવટમાં ઘણો સુધારો થયો.

# ભાઈ બહેનના શાશ્વત સાત્ત્વિક પ્રેમનું પર્વ

**તંત્રીસ્થાનેથી...**

તહેવારો વગરના માનવજીવનની કલ્પના જ શક્ય નથી. છેક પાષાણયુગમાં પણ માનવી એના મનોરંજન ખાતર સમયાંતરે ઋતુપર્વો ઊજવતો હતો. ખીલી ઊઠેલી વનરાજિ એના ચિત્તને પ્રસન્ન કરતી અને એ નાચી ઊઠતો. એથી આગળ વધીને સારો શિકાર હાથ લાગે ત્યારે પણ ગુફાવાસી માનવી માટે એ તહેવારમાં ફેરવાઈ જતો. સંસ્કૃતિની પીઠ પર સવાર થયા પછી એણે પદ્ધતિસરનાં પર્વો શરૂ કર્યાં. એમાં સૂર્ય, ચંદ્ર, પહાડ,નદી, સમુદ્ર અને પવન તથા અગ્નિ જેવા પ્રાકૃતિક તત્ત્વો અને ઋતુચક્રને અનુરુપ ઉત્સવો ઉમેરાતા ગયા. આપણાં તમામ પર્વોમાં અલગ પડતું પર્વ છે રક્ષાબંધન. આપણાં પર્વોમાં માતા માટે 'મધર્સ ડે' કે પિતા માટે 'ફાધર્સ ડે' અથવા મિત્રો માટે 'ફ્રેન્ડશિપ ડે' જેવી વ્યવસ્થા નથી, પરંતુ એમની પાશ્ચાત્ય સંસ્કૃતિમાં નથી એવો 'સિસ્ટર્ડ ડે' જરૂર છે. વળી બહેનો માટે એક નહીં, બે-બે દિવસો ફાળવીને આપણા પૂર્વજોએ ભાઈબહેનના સંબંધને એક અનોખી ઊંચાઈ પર સ્થાપ્યો છે. રક્ષાબંધન તો બરાબર શ્રાવણની મધ્યમાં જ આવે છે : શ્રાવણી પૂર્ણિમા ભૂદેવો માટે જનોઈ બદલવાનું અને ખેડૂતો માટે વરસના વરતારાનું પર્વ પણ છે. વળી રક્ષાબંધનના મૂળમાં તો છેક પ્રહલાદવંશી બલિરાજા અને વિષ્ણુના વામન અવતારની કથા પડેલી છે. બલિરાજાના પ્રતાપથી દેવો ડઘાઈ ગયા એટલે નાછૂટકે વિષ્ણુએ બટુક વેશે એને છેતરીને નિયંત્રણમાં લેવો પડ્યો. દાનેશ્વરી રાક્ષસરાજ સમજી તો ગયો જ હતો કે દેવોએ કાવતરું ઘડ્યું લાગે છે, પણ એમ કંઈ એના વચનમાંથી પારોઠનાં પગલાં થોડો ભરે ! ત્રણ ડગલામાં એવું સર્વસ્વ પડાવી લેનાર વિષ્ણુએ આખરે એને વચન આપવું પડ્યું કે ચાતુર્માસ એની સાથે પાતાળલોકમાં ગાળશે ! ભવ્ય અને રમણીય કલ્પનાઓ વાળી આ પૌરાણિક કથાઓમાં પણ ઊંડો સંદેશ સમાયેલો હોય છે. 'રક્ષા' શબ્દ પરથી ઊતરી આવેલી રાખડી એ આશીર્વાદનું રક્ષાકવચ છે. ગુરુ એના શિષ્યને રક્ષાસૂત્ર બાંધે છે. વૃદ્ધ કુંતી પૌત્ર અભિમન્યુને રાખડી બાંધે છે. પરંતુ બહેન ભાઈને રાખડી બાંધે એ સૌથી વિશેષ સંવેદનશીલ પ્રસંગ બની રહે છે. એમાં એની આંખોમાંથી હૃદયમાં ઊઠેલી અપૂર્વ લાગણીની ભીનાશ ભળેલી હોય છે. ભાઈ માટે એ પ્રકૃતિ અને પરમાત્મા પાસેથી આશીર્વાદ માગે છે. બદલામાં ભાઈ પણ બહેનને માટે આજીવન ઢાલ બનીને ઊભ રહે છે. ભાઈબહેન મા જણ્યાં જ હોય તે જરૂરી નથી. હુમાયૂં અને પદ્મિનીની કથા જાણીતી છે. આવા નર્યા નિર્મળ સંબંધોમાં ધર્મ પણ આડો આવતો નથી. સૌરાષ્ટ્રના તળાજાની લોકકથા 'એભલવાળો' આપણા મહાન સર્જકોની કલમે ચડીને અમર થઈ ગઈ છે. કવિ દામોદરદાસ ખુશાલદાસ બોટાદકરે 'એભલવાળો' ખંડકાવ્ય લખ્યું છે અને ઝવેરચંદ મેઘાણીએ 'સાંઈ નેહડી' શીર્ષક હેઠળ 'સૌરાષ્ટ્રની રસધાર'માં વાર્તા આલેખી છે. માનેલી બહેનનું હેવાતન બચાવવા ખાતર રાજા પોતાનું માથું ઉતારી આપવા તૈયાર થાય છે. ત્યારે એનો કુંવર એનાથી પણ આગળ વધીને પોતાનું માથું વધેરવા આગળ આવે છે. ચડસાચડસી થાય છે. 'સોરઠો કરે વિચાર, બે વાળામાં કિયો ચડે ? / સરનો સોંપણહાર કે ઓલ્યો વાઢણહાર વખાણીએ?' - સગો બાપ જયારે એક ચારણ બહેન ખાતર પોતાના પેટના જણ્યાનું માથું ઉતારી આપે ત્યારે સ્વાભાવિક રીતે જ કવિઓ પણ મૂંઝાય કે કોનાં વખાણ કરવાં ? બાપ તો પોતાનું બલિદાન આપવા તૈયાર હતો જ, પરંતુ કુંવરે હઠ પકડી : ના પિતાશ્રી, આપ રાજા છો, પ્રજાપાલક છો. તમારી જગ્યાએ મને બલિદાન આપવા દો. બલિદાનનો જ ઉત્સવ બકરી ઈદ પણ હમણાં જ ગયો. અલબત્ત, એમાં ભાવના તો ખુદાને પોતાની સૌથી વહાલી વસ્તુની કુરબાની કરવાની જ સમાયેલી છે, પણ નિર્દોષ પ્રાણીઓની કતલની પ્રથા પડી ગઈ છે જે કદાચ ખુદાને પણ નહીં જ ગમતી હોય. રક્ષાબંધનમાં ભાઈના કાંડા પર બહેન રાખડી બાંધે છે. એને કુમકુમ તિલક કરી એનાં દુખણાં લે છે. એનાં કાંડા વાઢી નાખી નાખતી.

# લગ્નેતર ઓનલાઈન ડેટીંગથી બ્લેકમેઈલીંગનો ભોગ બનતી જનતા



**કાયદો અને કાનૂન**
**અશ્વિન ત્રિવેદી**

લોકડાઉનમાં ટાઈમ પાસ કરવા માટે ઓનલાઈન ડેટીંગ ચલાવતી સંસ્થાનો રાફડો ફાટેલો છે. જેમાં સ્કુલ કોલેજના યુવકોથી લઈ ગૃહીણીઓ તથા ટયુશન કલાસના સંચાલકો તથા કંપનીના ઉચ્ચ હોદ્દેદારો બ્લેક મેઈલીગનો ભોગ બનેલ છે.

હાલમાં કોરોનાની મહામારી ચાલી રહી છે ત્યારે ઓનલાઈન વચ્યુઅલ સેકસના બહાને યુવકો બ્લેકમેઈલીંગનો ભોગ સૌથી વધારે બન્યા છે. સોશ્યલ નેટવર્કીંગથી મોડલો, પોર્નસ્ટાર તથા સેકસર્કરો સાથેના ચેટીંગનું રેકોર્ડીંગ વાયરલ કરવાની ધમકીઓ આપીને અનેક લોકો પાસેથી નાણા ખંખેરવા આખી સાયબર ક્રાઈમ ગેંગ ઈન્ટરનેશનલ લેવલે કામ કરતી થઈ છે જેનો ભોગ કેટલાય લોકો બનેલ છે જેમાંથી ૭ યુવકોએ સાયબર ક્રાઈમને ૧૦,૦૦૦/- ડોલર આપી દીધા બાદ પણ બ્લેકમેઈલીંગ ચાલુ રાખી તથા આવા ન્યુડ વિડિયો લીક કરવાની ધમકી આપતા ફરીયાદ નોંધાયેલ છે. ચેટનું વિડિયો રેકોર્ડીંગ વાયરલ કરવાની ધમકી આપીને નાણા ખંખેરાયા હોવાની ઘટનાઓ પ્રકાશમાં આવી છે. મહામારીમાં ઓનલાઈન વચ્યુઅલ સેકસનો વેપલો મોટા પ્રમાણમાં ફુલ્યો ફાલ્યો છે જે આખુ નેટવર્ક ઈન્ટર નેશનલ લેવલે ચાલતુ હોય સ્થાનિક પોલીસ સમજી શકે તે પહેલા સાઈડ બંધ થઈ જતી હોય છે અથવા આઈપી એડ્રેસ ખોટા, ફોન નંબર ખોટા હોય છે. મોટાભાગે નાણા પડાવવા માટે યુવકો જ ટાર્ગેટ કરવામાં આવતા હોય છે. ભારતમાં આવો ટ્રાફિક લોકડાઉનમા ૯૫ ટકા જેટલો વધવા પામ્યો છે.

એક લગ્નેતર ટેડીંગ સંસ્થાના મત અનુસાર લોકડાઉનાના સમયગાળામાં કુલ ૭૦ ટકા રજીસ્ટ્રેશન ભારતીયોનું જ હતુ. આ ઉપરાંત સોશ્યલ મીડીયાના પ્લેટફોર્મ ઉપર વચ્યુઅલ સેકસના એકાઉન્ટમાં ૧૫૦ ટકા નો વધારો થયો છે તેવું સાયબર એકસ્પર્ટનું માનવું છે.

વિડીયો કોન્ફરસીંગ દ્વારા બ્લેકમેઈલ કરીને લોકોને છેતરવા ના ઈરાદે વચ્યુઅલ સેકસની મોડસ ઓપરેડીંગ અપનાવે છે આજ કાર્યપધ્ધતિથી શહેરના વિદ્યાર્થીઓ, શિક્ષક તથા નોકરીયાત મહિલાઓ સહિત ૭ જેટલા યુવાનોને નાણા પડાવવા બદલ બ્લેકમેઈલીંગ કરાયુ હોવાની ઘટનાઓ બની છે એક ન્યુડ મોડેલે પણ વિડીયો કોલથી વાતચીત દરમ્યાન ખાનગી કોલેજના વિદ્યાર્થીનું રેકોર્ડીગ કર્યા બાદ ૧૦,૦૦૦ ડોલરની માંગણી કરી હતી.

બીજી એક ઘટનામાં વચ્યુઅલ સેકસના બહાને ટયુશન કલાસના સંચાલકની સાથે અજાણી યુવતીએ પણ વિડીયો કોલથી વાત કરી ભોળવીને ૪ થી ૫ દિવસ ચેટ કરી ત્યારબાદ યુવકના મોર્ફ કરેલા ન્યુડ ફોટા મોકલીને સોશ્યલ મીડીયા પર તેને વાયરલ કરવાની ધમકીઓ પણ આપી હતી બાદમાં યુવકે બદનામીના ભયથી કુલ ૨૫૦૦૦૦ રૂપીયા પણ ચુકવ્યા હોવાનું બહાર આવ્યું છે.

નાણા ગુમાવનાર લોકો પોલીસનો સંપર્ક કરી વિગતો આપી રહ્યા છે પરંતુ બદનામીના ભયથી ફરીયાદ નોંધાવવા માટે તૈયાર થતા નથી છેતરપીંડી થઈ નથી એવા લોકો જ ઈન્ફોમર તરીકે બહાર આવે છે. ભોગ બનનારે ડરવાની જરૂર નથી તેઓ ભય રાખ્યા સીવાય સીધો સાયબર ક્રાઈમ સેલનો સંપર્ક કરી શકે છે. યુવતીઓની વિગતો પોલીસ સીક્રેટ રાખે છે. હાઈપ્રોફાઈલ લોકોના નામો પણ પોલીસ ગુપ્ત જ રાખે છે તેથી સમાજનો ડર રાખવાની જરૂર નથી. હિંમત કરી આવો ભોગ બનનાર લોકોએ આગળ આવી ફરીયાદ કરવાની જરૂર છે જેથી બીજી ભોળા લોકો છેતરાતા બચશે.

ઓનલાઈન સેકસ સાઈડ કે પોનસાઈડને કે સાહિત્યને સર્ચ એન્જીનમાં પણ શોધવું જોઈએ નહિ. આજ એના બચવાનો એક માત્ર ઉપાય છે. કોઈપણ ટેન્ડીંગ સાઈડ કે પોન સાઈડ ઉપર કે અજાણ્યા લોકોના નંબર ઉપર વિડીયો કોલ ઉપર વાત કરી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવું જોઈએ નહી. ફ્રેન્ડશીપ કલબના નામે પણ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવું જોઈએ નહિ તેમજ અજાણ્યા લોકોની ફેસબુક કે વોટસઅપ ઉપર ફ્રેન્ડરીકવેસ્ટ સ્વીકારવી જોઈએ નહી. સાવચેતી એજ સલામતી છે. આવી જ રીતે એક યુવકે વેબસાઈડની વિઝીટ કરતા એક નંબર આવ્યો જેમાં કિલક કરતા ગણતરીના સેકન્ડમાં જ તેના વિડીયો કોલમાં ૪ થી ૫ યુવતીના ન્યુડ ફોટાઓ ફોરવર્ડ થયા હતા તેમાંથી કોઈ એકને પસંદ કરવા જણાવતા યુવકે આવી માંગણીનો અસ્વીકાર કરતા તેને તરત જ ધાકધમકીઓનો મારો શરૂ થયો હતો અને પરિણામે ગભરાયેલા યુવકે બદનામીના ડરથી ૧૦,૦૦૦/- રૂપિયા

**અનુસંધાન પાના નં ૭ પર**

# ચીલા ચાતરીને ચાલનારો માણસ...!



**WhatsApp ઓફ ધી વીક**
**નેહલ ગઢવી**

આજકાલ ટેલીવિઝન અને અખબારોમાં અનેક પ્રકારના નકારાત્મક સમાચારોની ભરમાર જોવા મળે છે. પરંતુ સમાજમાં સારી ઘટનાઓ બનતી જ ન હોય તેમ માનવું ભૂલભરેલુ છે. એવું બની શકે કે આવી સારી ઘટનાઓ આપણા સુધી પહોંચતી ન હોય ! રણમાં પણ મીઠી વીરડીઓ હોય છે જ... આવ એક નાના પણ મહત્વના સમાચાર થોડા દિવસો પહેલા કેટલાક માધ્યમોએ પ્રસારિત કર્યા. આ સમાચારનું મહત્વ એટલા માટે છે કેલ નાના પાયે થોડા વિચારશીલ લોકોએ નિઃસ્વાર્થભાવે કરેલા કામનું સમાજ ઉપયોગી પરિણામ જોવા મળ્યું છે !

એક ઉત્તમ શિક્ષક એ નથી કે જે બાળકને ગોખણપટ્ટીથી પરીક્ષામાં સારી રીતે ઉત્તીર્ણ કરાવી દે઼ ઉત્તમ અને ઉમદા શિક્ષક એ છે કે જે બાળકના શારીરિક તેમ જ માનસિક વિકાસ બંનેને એક સરખું મહત્વ આપે ! આવા જ એક ઉમદા શિક્ષક છે શ્રી દિલીપ ભલગામીયા. તેઓ બોટાદની તાલુકા કન્યા શાળાના આચાર્યપદે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવે છે. તેમનું ધ્યેય તેમની શાળામાં આવનારી તમામ વિદ્યાર્થીનીઓના ભણતરની ચિંતાની સાથોસાથ તેઓનું હિમોગ્લોબીન વધે અને તેઓ એનીમીયામુકત બને તે માટે સતત કાર્યરત રહેવાનું છે, અને આ માટે માત્ર મુઠ્ઠીભર કઠોળ બાળકોને અઠવાડિયામાં એક જ વાર આપવાથી તેમણે આ મિશનની શરૂઆત કરી.

૨૦૧૧માં જયારે એકવાર શાળામાં હીમોગ્લોબીન ચેક - અપ માટેનો કેમ્પ યોજાયો ત્યારે તેના રીપોર્ટસ સૌને માટે આઘાત અને આશ્ચર્ય પમાડે તેવા હતા. આ રીપોર્ટ અનુસાર છઠ્ઠા ધોરણથી આઠમા ધોરણમાં ભણતી વિદ્યાર્થીનીઓમાં આશરે ૨૦૦ જેટલી વિદ્યાર્થીનીઓનું હીમોગ્લોબીન જરૂર કરતા ઓછું જણાયું હતું. જે ખરેખર અત્યંત ચિંતાનો વિષ ગણાય?

મોટાભાગે ગામડાની સરકારી શાળાઓમાં હાજરીનો પ્રશ્નપ્રશ્ન હંમેશ રહેતો હોય છે અને તમાંય છોકરીઓ તો આ બાબતમાં ઘણી અનિયમિત હોય છે ? આ વિષે શાળાના સંચાલકો અને શિક્ષકો કારણ શોધવા પણ મથતા હોય છે. પરંતુ દિલીપભાઈ ભલગામીયાના જણાવ્યા પ્રમાણે તેમની 'એનીમીક હેલ્થ કંડીશન' મહદંશે જવાબદાર હતી. ઓછા હિમોગ્લોબીનને કારણે તેમનું ભણવામાં મન લાગતું ન હતું. પરંતુ અન્ય લોકોની જેમ સિસ્ટમને કે સમાજને દોષી માનીને બેસી રહેવાને બદલે બોટાદની આ કન્યા શાળાના શિક્ષકોએ અને આચાર્યશ્રીએ સાથે મળીને આ પરિસ્થિતિને બદલવાની ઝુંબેશ આદરી઼ તેઓએ ડૉકટરોની મદદથી શાળાની છાત્રાઓને કઈ રીતે કુપોષણથી બચાવી શકાય તે અંગે વિસ્તૃત વાટાઘાટો પણ કરી.

ડૉકટરો સાથે થયેલી ચર્ચાઓને અંતે ધ્યાનમાં આવ્યું કે આ બાળાઓને ફણગાવેલા કઠોળ આપીને તેમની એનિમિક સ્થિતિમાં સુધારો કરી શકાય અને આ માટે શ્રી દિલીપભાઈએ દરેક બાળાઓને તેમજ શાળાના શિક્ષકોને અઠવાડિયામાં એક દિવસ એક મુઠ્ઠીભર કઠોળ લઈ આવવા સૂચન કર્યું. ત્યારબાદ મધ્યાહન - ભોજન બનાવનાર રસોઈયાએ આ તમામ કઠોળ એકત્ર કરી તેને ફણગાવી દેવાની શરૂઆત કરી. ફણગાવેલા આ કઠોળમાં ડુંગળી, ટામેટા, લીંબુ, લીલા મરચાં તેમજ મીઠું નાખીને તેની ટેસ્ટફુલ કઠોળ ચાટ બાળાઓને નાસ્તામાં પીરસાવવા લાગી. ૨૦૧૧થી શરૂ કરવામાં આવેલ આ ભગીરથ કાર્યમાં સૌ બાળકો, શિક્ષકો તેમજ રસોઈયાઓનો અભૂતપૂર્વ સહકાર સાંપડયો. પરિણામે , દર શનિવારે બાળાઓને નાસ્તામાં આ પ્રકારની કઠોળ – ચાટ આપવાની આ નવતર પ્રથાની શરૂઆત થઈ. દિલીપ ભલગામીયા નોંધે છે કે, શનિવારે માત્ર અડધા દિવસની શાળા હોવા છતાં છાત્રાઓમાં પુષ્કળ ઊર્જાસંચાર અને તરવરાટ દેખાવ લાગ્યો !

દિલીપ ભલગામીયા આઈઆઈએમ અમદાવાદમાંથી પોતાની ઉત્કૃષ્ટ અને નવતર કાર્યશૈલી માટે એવોર્ડ મેળવનાર ૧૦૦ પ્રાઈમરી શિક્ષકોમાંના એક છે ! આ એવોર્ડ મેળવવા માટે ગુજરાત ઈનોવેટીવ એજયુકેશન કાઉન્સી, (GIEC અને ગુજરાત કાઉન્સીલ ઓફ એજયુકેશન રીસર્ચ એન્ડ ટ્રેનિંગ (GCERT દ્વારા તેઓની પસંદગી થોડા મહિનાઓ પૂર્વે જ કરવામાં આવી. દિલીપ ભલગામીયાના આ નવતર ઉપાયને કારણે શાળામાં બાળાઓની હાજરીની સંખ્યામાં તો નોંધપાત્ર વધારો થયો જ પરંતુલ સાથોસાથ તેઓ વધુ તંદુરસ્ત અને ઉત્સાહી પણ દેખાવા લાગી ! શાળામાંના અન્ય એક શિક્ષકના કહેવા અનુસાર છાત્રાઓ પોતાના લંચબોકસમાં પણ હવે તો જંકફુડના બદલે કઠોળ લાવવા લાગી છે઼ આ ટેવની અસર તેમના પરિવારમાં પણ દેખાવા લાગી છે ! તેમના પરિવારના સભ્યો પણ અઠવાડિયામાં એકવાર ફણગાવેલા કઠોળ ખાવાને કારણે તંદુરસ્ત અને વધુ સ્ફૂર્તમિય બની રહયા છે !

ગયા વર્ષે, જયારે ફરીથી આ શાળામાં હેલ્થ ચેક - અપ કેમ્પનું આયોજન થયું ત્યારે મોટાભાગની છાત્રાઓનું હિમોગ્લોબીન ૧૦ સુધી પહોંચી ગયાનું ધ્યાનમાં આવ્યું પોતાના આ અનુભવને વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવાના હેતુસર શાળાના શિક્ષકોએ તેમજ વિદ્યાર્થીનીઓએ બોટાદની અન્ય ૭ શાળાઓમાં ફરીને પોતાના અનુભવો તેઓની સાથે પણ શૅર કર્યા.

શાળાઓમાં અત્યારે મા - બાપ અને શિક્ષકો તરફથી ચારે બાજુ બાળકો વધુ પડતું જંકફૂડ ખાવાનું પસંદ કરે છે અને પૌષ્ટિક આહાર લેતા નથી તેવી બૂમ સંભળાઈ રહી છે઼ પરંતુલ આજથી જ જો દરેક શાળાના શિક્ષકો અને વાલીઓ તરફથી આ પ્રકારનો સાવ સાદો અને નાનો પ્રયોગ શરૂ કરવામાં આવે તો ચોકકસપણે આપણે એક સ્વસ્થ બાળસમૂહની રચના કરી શકીશું ! બાળકોની સાથોસાથ પરિવારના તમામ સભ્યોને પણ આ પ્રકારનો તંદુરસ્ત આહાર લેવાની ફરજ પડશે ! પ્રખર તત્વચિંતક જે કૃષ્ણમૂર્તિ લખે છે કે "એક અજાયબભરી ઘટના એ છે કે માણસોને વકીલો કે દાકતરો થવા માટે ભારે કેળવણી આપવામાં આવે છે઼ જયારે મા - બાપ થવાના અતિ મહત્વના કાર્ય માટે લાયક થવાલ એમને કોઈપણ પ્રકારની તાલીમ લેવી પડતી નથી". આપણે હંમેશા પોતાના પ્રશ્નોમાં ગુંથાયેલા રહીએ છીએ. પરિણામે, મા - બાપ પોતાના બાળકોની સુખાકારીની જવાબદારી શિક્ષકોને માથે નાખી દે છે અને શિક્ષકો બાળકોની કેળવણીની ફરજ મા - બાપની માને છે ! પરંતુ, આજના તંદુરસ્ત બાળકો જ આવતીકાલના સ્વસ્થ સમાજનું નિર્માણ કરી શકશે !

**Last Seen :**

**બાતેં તિમિર ન ભાજતી,**
**દીવા બાતી તેલ**

**- કબીર સાહેબ**

**ફરિયાદો કરવાથી કે વાતો કરવાથી અંધકાર દૂર થતો નથી.**
**તે માટે તો કોઈકે વાટ - તેલ તથા દિવાસળી ભેગા કરવા પડે !**

- nehalgadhavi101@gmail.com

# કત્લેઆમના માહોલમાં પણ પાંગરતી પ્રેમ કહાણીઓ



**અતિતની આજ**
**ડૉ. હરિ દેસાઈ**

ચરોતરની વીરાંગના કમળાબહેન પટેલ દેખાવે લાગે સાવ છોકરડી પણ મનનાં મજબૂત. ભારતના ભાગલાના એ માહોલમાં ભારત અને પાકિસ્તાનના ફાળે આવેલા પંજાબના બંને બાજુના પ્રદેશમાં કત્લેઆમ, અપહરણ અને ખૂનામરકી ચાલી રહી હતી ત્યારે ૩૦ નવેમ્બર ૧૯૪૭ના રોજ કમળાબહેન અમદાવાદથી નીકળી દિલ્હી પહોંચે છે.મૃદુલાબહેન સારાભાઈનો સંદેશ હતો એટલે દિલ્હી કોન્સ્ટિટ્યૂશન હાઉસ પહોંચવાનું હતું. એમને ખબર નથી કે ત્યાંથી ક્યાં જવાનું છે અને ક્યાં જઈને રહેવાનું છે. ભવિષ્યનાં જોખમો વિશે પણ કલ્પના નથી. દિલ્હી રેલવે સ્ટેશને એમને લેવા ગયેલા નંદી સિંહે એ કોઈ પ્રૌઢ વ્યક્તિ હશે એવું માની શોધ કરી પણ ના મળ્યાં.૩૫ વર્ષનાં કમળાબહેન તો પોતાને લેવા કોઈ આવ્યું નથી એમ માની ફ્રન્ટિયર મેઈલમાંથી ઉતરી ટાંગો કરીને સીધાં કોન્સ્ટિટ્યૂશન હાઉસ પર પાકિસ્તાનમાં પ્રથમ હાઈ કમિશનર એવા શ્રીપ્રકાશના મકાને પહોંચ્યાં.બીજે દિવસે લાહોર જવાની સૂચના આપતી મૃદુલાબહેનની ચિઠ્ઠી મળી અને એમની સાથે ફોન પર વાત પણ થઈ. વિમાનમાં મુસ્લિમ નિર્વાસિતો સાથે એ લાહોર પહોંચ્યાં. એમને સલામતી ખાતર સહપ્રવાસી અસાનુલ્લા અને લશ્કરના હિંદુ ગુરખા સૈનિકોએ કોર્ડન કર્યાં. ભારતીય ડેપ્યુટી હાઈ કમિશનના એકભાઈ લશ્કરી ગાડી લઈને કમળાબહેનને તેડવા આવ્યા. એ પછી ત્યાં એમની કામગીરીના કટુમધુ અનુભવો શરૂ થયા.બંને પક્ષની મહિલાઓનાં અપહરણ અને દાવાઓ-પ્રતિદાવાઓ વચ્ચે અપહૃત મહિલાઓને પોતાના પરિવાર સાથે મળાવવાની કામગીરીમાં કેવા કેવા અનુભવો થયા એની રૂવાડાં ખડાં કરી દે તેવી કહાણીઓ "મૂળ સોતાં ઊખડેલાં"માં કમળાબહેન વર્ણવે છે.

**શેતાનિયત વચ્ચે પણ માનવતા**

કમળાબહેન લાહોરમાં કામ કરે છે ત્યારે ચોફેરથી જોખમનો માહોલ તો છે. સાથે જ જાસૂસીના આરોપસર ગમે ત્યારે ઝડપી લેવાનાં જોખમ પણ મંડરાય છે. જોકે આવા સંજોગોમાં જયારે હિંદુ, મુસ્લિમ અને શીખ એકમેકના લોહીના પ્યાસા હોય ત્યારે પણ ધાર્મિક વિવાદના વાતાવરણમાં પણ માણસાઈ મહોરતી જોવા મળે એવું પણ બન્યું છે. મૃદુલાબહેનની અધિકારીઓ પરની ધાક અને કમળાબહેનની કર્તવ્યનિષ્ઠા થકી પાકિસ્તાની પોલીસવાળા પણ એમને આદર આપતા હતા એટલું જ નહીં, એમના કામમાં સહયોગ કરતા હતા. લાહોરની ગંગારામ ઈસ્પિતાલના માહોલનું કમળાબહેન બયાન કરે ત્યારે તો કમકમાં આવી જાય. લાહોરમાં એમની છાવણીમાં આવતાં લોકો અને લાહોર

- **મહિલાઓનાં અપહરણ અને દાવાઓ-પ્રતિદાવાઓ વચ્ચે કમળાબહેનને કટુ-મધુર અનુભવો**
- **હિંદુ, મુસ્લિમ અને શીખ એકમેકના લોહીના પ્યાસા હોવાના વાતાવરણમાંય માણસાઈ મહોરતી**
- **ઈસ્મત અને જિતુની લવઅફેર અને અમૃતસરના સુવર્ણ મંદિરમાં લગ્ન બે દેશો ટકરાવ સર્જે**
- **સંપત્તિની લાહ્યમાં પોલીસ ચાર વર્ષના હિંદુ છોકરાને લઈને આવે અને એનું નામ લતીફ !**

તથા અમૃતસર વચ્ચેના આવાગમનના અનુભવોની વાત કરતાં કમળાબહેન લખે છે : "જંગલમાં ભૂલા પડ્યા પછી માનવવસ્તીની નજીક આવતાં સલામત સ્થળે આવી પહોંચવાથી મનમાં જેવી રાહત થાય તેવી રાહતનો અનુભવ અને આનંદ અમૃતસરના બજારમાં પગપાળા જતાં તે દિવસે પ્રથમ વાર જ થયો." "પાકિસ્તાનમાંથી હિંદુ અપહુતા સ્ત્રીઓને પાછી મેળવવાના અમારા કામને એક ઉમદા કાર્ય તરીકે બિરદાવનારાઓ પૂર્વ પંજાબમાં હિંદુઓના ઘરમાંથી મુસ્લિમ સ્ત્રીઓને મેળવવાના કામને 'ઘર ઉજાડવાના કામલ્ર તરીકે ગણવા લાગ્યા. સમજુ કહી શકાય તેવા કાર્યકર્તાઓ અને ખુદ કોંગ્રેસીજનો આવું માનતા હતા. એક જ પ્રકારનાં આ માનવીય કાર્યનાં કેવાં પરસ્પર વિરોધાભાસી મૂલ્યાંકનો!"

**ઈસ્મત-જિતુની અનોખી દાસ્તાં**

કમળાબહેનના સંઘર્ષ અને સહાયના અનુભવોમાં એક અનોખી કથા ઈસ્મત અને જિતુની પ્રેમકહાણીના કરુણ અંજામની નોંધાઈ છે. વિભાજન અગાઉ રાવળપિંડીનું એક ખાનદાન કુટુંબ પ્રત્યેક વર્ષે કાશ્મીરમાં રજા ગાળવા જતું હતું. આવી જ રીતે અમૃતસરનું એક લાલાજીનું કુટુંબ પણ કાશ્મીર જતું હતું. બંને કુટુંબો એક જ હોટેલમાં રહે અને વારંવાર મળવાનું થાય, એટલે આ કુટુંબનાં મોટેરાંઓ અને બાળકો વચ્ચે મિત્રાચારીના પ્રસંગો ઊભા થતા હતા. બંને કુટુંબનાં બાળકો પણ હરે, ફરે અને છૂટાં પડતાં "આવતા વર્ષે" ફરી ત્યાં જ ભેગા થવાના મનસૂબા ઘડે. વિભાજન સુધી બંને કુટુંબ માટે કાશ્મીર જવાનો આ ક્રમ ચાલુ રહ્યો. લાલાજીના એક દીકરાનું નામ જિતુ અને પઠાણ કુટુંબની વચલી દીકરીનું નામ ઈસ્મત. જિતુ અને ઈસ્મત વચ્ચેની મૈત્રી કંઈક નાજુક ભાવનાઓમાં આગળ વધતી ચાલી હતી.૧૪ વર્ષની ઈસ્મત અને ૧૭ વર્ષના જિતુના આ ભાવો સ્પષ્ટ ના હોય એ સ્વાભાવિક હતું. વિભાજનના દિવસોમાં પાકિસ્તાન તરફથી તાયાફાવાળાઓના કાશ્મીર પરના આક્રમણ અને રાવળપિંડીમાં હિંદુઓની ભયંકર કત્લેઆમ અને હિજરતના સંજોગોએ ઈસ્મતને જિતુને મળી નહીં શકાય એવી દ્વિધામાં મૂકી. ઘરે માબાપની જાણ બહાર એક નોકરને વિશ્વાસમાં લઈને રાતના આઠના સુમારે અમૃતસરમાં રહેતા જિતુને મળવાના આશયથી હિંદુ નિર્વાસિતોની છાવણીમાં એ પહોંચી ગઈ. એણે પોતાને હિંદુ છોકરી ગણાવી અને મા-બાપથી વિખૂટી પડી ગયાની વાત કરીને ભારત મોકલવા વિનંતી કરી.એ અમૃતસર પહોંચી અને જિતુને મળવાનું થયું, પણ એ બંનેની વાત પરતથી ઈસ્મત હિંદુ છોકરી નહીં હોવાનું સ્પષ્ટ થયું. જિતુના કુટુંબે બંનેના લગ્નની છૂટ આપી એટલે જિતુ અને ઈસ્મતનાં લગ્ન અમૃતસરના સુવર્ણ મંદિરમાં થઈ પણ ગયાં. જોકે બંને સુખે સાથે રહેતાં હતાં, પણ અપહુતા મુસ્લિમ કન્યા અંગેની ફરિયાદને પગલે ઈસ્મતને એનાં માબાપને સોંપવાના સંજોગો આવ્યા. એ જવા તૈયાર નહોતી, પણ બંને દેશની સરકારો વચ્ચે મડાગાંઠ વધવાના સંજોગો નિર્માણ થાય એવું વાતાવરણ હતું એટલે એને જવા દેવી પડી. એ પછીની કહાણી લાંબી છે, પણ પછી તો ઈસ્મત અને જિતુ માટે વિરહના દિવસો જ રહ્યા. ૧૯૫૨માં દિલ્હીથી મુંબઈ આવતી ફ્રન્ટિયરમાં જિતુનો કમળાબહેનને ભેટો થઈ ગયો ત્યારે એ સાવ નંખાઈ ગયેલો હતો. એ ઈસ્મતને મેળવવા જોખમો ખેડીને પાકિસ્તાન પણ જઈ આવ્યો હતો. એને ઈસ્મત ના જ મળી. કમળાબહેન લખે છે: " એને શીખામણ કે સલાહના બે શબ્દો કહેવાની મારી હિંમત ન ચાલી."

**ચાર વર્ષના હિંદુ લતીફની કહાણી**

ક્યારેક પાકિસ્તાની પોલીસ ચાર વર્ષના હિંદુ છોકરાને લઈને આવે અને એનું નામ લતીફ હોય ત્યારે કેવી મૂંઝવણ સર્જાય એની વેદનાસભર કહાણી પણ કમળાબહેન બયાન કરે છે. એ મૂળ હિંદુ પરિવારનું સંતાન હતો, પણ પાડોશમાં રહેતી નિઃસંતાન મુસ્લિમ પરિણીતાએ એને પોતાનો ગણ્યો અને લતીફ તરીકે જ ઉછેર્યો. આ લતીફ વારસદાર થઈ બેસશે એવા ડરના માર્યા એની મૃત પાલક માતાનાં મુસ્લિમ મા-બાપની ઈચ્છા વિરુદ્ધ તેમના પરિવારજનોના મેળાપીપણાથી એને પાકિસ્તાન પોલીસે હિંદુ ગણાવીને છાવણીમાં પહોંચાડ્યો. આ છોકરાનું જે હૃદયસ્પર્શી વર્ણન કમળાબહેન કરે છે એ વાંચીને ભલભલાની આંખમાં આંસુ આવી જાય. લતીફ જન્મે હિંદુ હતો એટલે એને ભારત મોકલાયો. એનાં પાલક દાદા-દાદીની ઈચ્છા વિરુદ્ધ એને જલંધર મોકલાયો. એ બાળક અને એનાં સ્વજન સમાં એ મુસ્લિમ દાદા-દાદીનું આક્રંદ સૌને હચમચાવી ગયું હતું. અહીં ધર્મના ભેદ નહોતા છતાં બંને દેશનાં ટ્રાયબ્યુનલના ચુકાદાની વિવશતા હતી!

- haridesai@gmail.com